**ચૂંટણી**
**આચાર સંહિતા**

ક્રમાંક: ઈએલસી–સી.ઓ.સી.૩(૭)–૧૨૦૧૩–૬
રાજ્ય ચૂંટણી આયોગ,
બ્લોક નંબર–૯, ૬ ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૧–૧–૨૦૧૩

વિષય:– <u>ગ્રામ પંચાયતોની સામાન્ય / મધ્યસત્ર ચૂંટણી–૨૦૧૩</u>
**મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગેની આદર્શ આચાર સંહિતાના અમલ તેમજ અધિકારી/કર્મચારીઓની બદલી તેમજ રજા પર પ્રતિબંધ.**

**<u>પરિપત્ર</u> :**

૧. રાજ્યની ૧૪૨૭ ઉપરાંત ગ્રામ પંચાયતોની સામાન્ય / મધ્યસત્ર ચૂંટણી તા.૦૩–૦૨–૨૦૧૩ ના રોજ યોજવા રાજ્ય ચૂંટણી આયોગે તા.૩૧–૧૨–૨૦૧૨ ના પત્રથી જિલ્લાને ચૂંટણી જાહેરનામું / ચૂંટણી નોટિસ વિગેરે અંગે જાણ કરેલ છે. આથી આ ચૂંટણીમાં ઉમેદવારો, રાજકીય પક્ષો અને વહીવટી તંત્ર માટે આદર્શ આચાર સંહિતા ચૂંટણીની નોટિસ / જાહેરનામું પ્રસિધ્ધ કરવાની તા.૧૫–૧–૨૦૧૩ ના રોજથી ગ્રામ પંચાયતોની સામાન્ય / મધ્યસત્ર ચૂંટણી હેઠળના વિસ્તારમાં અમલમાં આવે છે. સદરહુ આચારસંહિતાની કેટલીક બાબતોનો અમલ સત્તાધારી પક્ષે કરવાનો રહે છે.

**ગ્રામ પંચાયતોની સામાન્ય / મધ્યસત્ર ચૂંટણી માટેનો કાર્યક્રમ**

| અ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ચૂંટણીની નોટિસ/ જાહેરનામુ પ્રસિદ્ધિ કરવાની તારીખ | ૧૫-૦૧-૨૦૧૩ |
| ૨ | ચૂંટણી અધિકારીઓએ ચૂંટણી નોટિસ પ્રસિદ્ધ કરવાની તારીખ | ૧૫-૦૧-૨૦૧૩ |
| ૩ | ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ | ૨૧-૦૧-૨૦૧૩ |
| ૪ | ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ | ૨૨-૦૧-૨૦૧૩ |
| ૫ | ઉમેદવારી પરત ખેંચવાની તારીખ | ૨૩-૦૧-૨૦૧૩ |
| ૬ | મતદાનની તારીખ તથા સમય | ૦૩-૦૨-૨૦૧૩ (રવિવાર) સવારના ૮–૦૦ સાંજના ૫–૦૦ |
| ૭ | જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તારીખ | ૦૪-૦૨-૨૦૧૩ |
| ૮ | મતગણતરીની તારીખ | ૦૫-૦૨-૨૦૧૩ |

૨. ગ્રામ પંચાયતોની સામાન્ય / મધ્યસત્ર ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આચારસંહિતાનો ચુસ્તપણે અમલ થાય તે માટે જે તે કચેરીઓને જણાવવામાં આવે છે.

૩. રાજ્ય ચૂંટણી આયોગે આચાર સંહિતા સંબંધે નીચે પ્રમાણે આદેશ કરેલા છે.

| અ.નં. | આદેશનો વિષય | આદેશના નંબર/તારીખ |
|---|---|---|
| ૧ | શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા | ક્રમાંક:રાચપ–ચટણ–સીઓસી–સ્થા.સ્વ.–૧૩૮ (૧)–૧૨૨૦૦૯–ક, તા.૬–૧–૨૦૧૦ |
| ૨ | કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સંબંધિતોએ અમલ કરવાની આદર્શ આચાર સંહિતા | ક્રમાંક : રાચપ–ચટણ–સીઓસી–સ્થા.સ્વ.–૧૩૮(૨) –૧૨૨૦૦૯–ક, તા.૬–૧–૨૦૧૦ |
| ૩ | વહીવટી તંત્ર દ્વારા અમલ કરવાની આદર્શ આચાર સંહિતા | ક્રમાંક : રાચપ–ચટણ–સીઓસી–સ્થા.સ્વ.–૧૩૮(૩) –૧૨૨૦૦૯–ક, તા.૬–૧–૨૦૧૦ |

ઉપરોકત આદેશો જે તે સમયે સંબંધિત તમામ કચેરી / વિભાગો / રાજકીય પક્ષોને મોકલી આપેલ છે. આ આદેશો રાજ્ય ચૂંટણી આયોગની વેબસાઈટ <u>sec.gujarat.gov.in</u> પર મુકેલા છે.

આ આદેશોમાં વિગતવાર ચૂંટણી આચાર સંહિતાના અમલ માટે સૂચનાઓ કરવામાં આવેલ છે તેનો અમલ થાય તે જોવા વિનંતી છે.

-૨-

GRAM PANCHAYAT IMP-4- 1 -

ક્રમાંક:પરચ/૧૩૨૦૧૩/૬૫/મ.૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯/૦૧/૨૦૧૩

પ્રતિ,
વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા / બોર્ડ / કોર્પોરેશન / એજન્સી / કૃષિ યુનિ.ઓ
ઉક્ત બાબતે જરૂરી કાર્યવાહી સત્વરે કરવા સારુ.

સેકશન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

૨૯ JAN 2013

2 4 JAN 2013

૪. સબંધિત તમામ કચેરીઓને વિનંતી કરવામાં આવે છે કે ચૂંટણી હેઠળના જિલ્લાઓના રાજય સરકારના વિવિધ ખાતાના/કચેરીના વડાઓ ગ્રામ પંચાયતોની સામાન્ય / મધ્યસત્ર ચૂંટણી દરમ્યાન તાકીદના તબીબી કારણો સિવાય તેમની હેઠળના આ ચૂંટણી સાથે સંકળાયેલા કર્મચારીઓ / અધિકારીઓની રજા મંજુર કરે નહિ.

૫. આચાર સંહિતા અમલ દરમ્યાન ચૂંટણી હેઠળના વિસ્તારોમાં :–

(અ) ચૂંટણીની કામગીરી સંબંધમાં અધિકારીઓ / કર્મચારીઓની રજા મંજૂર કરી શકાશે નહિ તેમજ બદલી કરી શકાશે નહિ.

(બ) સરકારી સેવાઓ અને જાહેર સાહસોમાં નિમણૂંક આપી શકાશે નહિ.

(ક) મતદારો પ્રભાવિત થાય તેવી કોઈ પણ પ્રકારની જાહેરાત કરી શકાશે નહિ તેમજ વચનો આપી શકાશે નહિ.

(ડ) કોઈપણ રૂપમાં કોઈપણ જાતની નાણાંકીય ગ્રાન્ટ અથવા તેના વચનોની જાહેરાત કરાશે નહિ.

(ઈ) વિવેકાધીન ફંડમાંથી ચૂકવણી મંજૂરી કરાશે નહિ.

૬. આ સૂચનાઓ ગુજરાત વિધાનસભાના માન. અધ્યક્ષશ્રી, માન. મુખ્યમંત્રીશ્રી, સર્વે મંત્રીશ્રીઓના ધ્યાન પર મુકવા તેઓના સચિવશ્રી / અંગત સચિવશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

૭. સચિવાલયના સર્વે વિભાગોને ઉપર્યુકત સુચનાઓ તેઓની હેઠળના ખાતા / કચેરી તેમજ બોર્ડ, નિગમ તથા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના વડાઓના ધ્યાન પર તાત્કાલિક મુકવા વિનંતી કરવામાં આવે છે.

૮. આ સુચનાનો અમલ તા.૧૫--૧--૨૦૧૩ ના રોજથી તા.૦૫-૦૨-૨૦૧૩ (પરિણામની જાહેરાત) સુધી કરવાનો રહે છે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

( પી. એસ. શાહ )
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

પ્રતિ,

- ગુજરાત વિધાનસભાના માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી (માન.અધ્યક્ષશ્રીના ધ્યાને મુકવાની વિનંતી સહ)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી(માન. મુખ્ય મંત્રીશ્રીના ધ્યાને મુકવાની વિનંતી સહ )
- સર્વે માન.મંત્રીશ્રીઓ, રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.(માન. મંત્રીશ્રીઓના ધ્યાને મુકવાની વિનંતી સહ)
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો (સર્વે ખાતાના વડાઓને તથા સર્વે બોર્ડ/કોર્પોરેશનના વહીવટી સંચાલકશ્રીઓને આ અંગેની તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ.)
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ વડાશ્રી, પોલીસ ભવન,ગાંધીનગર
- જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી / પ્રાંત અધિકારીશ્રી સર્વે (સંબંધિત જિલ્લાઓ)
(સર્વે ચૂંટણી અધિકારીશ્રી તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને અન્ય સર્વે સબંધિત અધિકારીશ્રીઓ / કચેરીઓ / રાજકીય પક્ષોને આ અંગે તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ)
- પોલીસ અધિક્ષકશ્રી સર્વે
- જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ સર્વે
- સર્વે રાજકીય પક્ષો
- માહિતિ કમિશનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર ( જરૂરી પ્રસિધ્ધિ આપવા સારૂ )
- રાજય ચૂંટણી આયોગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ.
- રાજય ચૂંટણી કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત મદદનીશ, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર.
- સીલેકટ ફાઈલ

તા.૦૩-૦૨-૨૦૧૩ ના રોજ ગ્રામ પંચાયતોની યોજાનાર સામાન્ય ચૂંટણીની અંદાજિત સંખ્યાની વિગતનું પત્રક

| ક્રમ | જિલ્લાનું નામ | ચૂંટણી હેઠળની અંદાજિત ગ્રામ પંચાયતો |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૫ |
| ૨ | અમરેલી | ૩૬ |
| ૩ | આણંદ | ૧૨૭ |
| ૪ | બનાસકાંઠા | ૦૯ |
| ૫ | ભરૂચ | ૧૯ |
| ૬ | ભાવનગર | ૧૭૧ |
| ૭ | ડાંગ | ૦૦ |
| ૮ | દાહોદ | ૪૮ |
| ૯ | ગાંધીનગર | ૧૦ |
| ૧૦ | જામનગર | ૨૯૯ |
| ૧૧ | ખેડા | ૧૬ |
| ૧૨ | જુનાગઢ | ૩૫ |
| ૧૩ | કચ્છ | ૬૯ |
| ૧૪ | મહેસાણા | ૨૧ |
| ૧૫ | નર્મદા | ૮ |
| ૧૬ | નવસારી | ૩૫ |
| ૧૭ | પંચમહાલ | ૩૪ |
| ૧૮ | પાટણ | ૧૭ |
| ૧૯ | પોરબંદર | ૧૦ |
| ૨૦ | રાજકોટ | ૨૯ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૧૦ |
| ૨૨ | સાબરકાંઠા | ૧૩૭ |
| ૨૩ | સુરત | ૩ |
| ૨૪ | તાપી | ૧૪ |
| ૨૫ | વડોદરા | ૨૩૧ |
| ૨૬ | વલસાડ | ૧૪ |
| | કુલ | ૧૪૨૭ |

ગ્રામ પંચાયતોની સામાન્ય / મધ્યસત્ર / પેટા ચૂંટણી માટેનો કાર્યક્રમ

| અ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ચૂંટણીની નોટિસ/ જાહેરનામુ પ્રસિદ્ધિ કરવાની તારીખ | ૧૫-૦૧-૨૦૧૩ |
| ૨ | ચૂંટણી અધિકારીઓએ ચૂંટણી નોટિસ પ્રસિદ્ધ કરવાની તારીખ | ૧૫-૦૧-૨૦૧૩ |
| ૩ | ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ | ૨૧-૦૧-૨૦૧૩ |
| ૪ | ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ | ૨૨-૦૧-૨૦૧૩ |
| ૫ | ઉમેદવારી પરત ખેંચવાની તારીખ | ૨૩-૦૧-૨૦૧૩ |
| ૬ | મતદાનની તારીખ તથા સમય | ૦૩-૦૨-૨૦૧૩<br>રવિવાર<br>સવારના ૮-૦૦ સાંજના ૫-૦૦ |
| ૭ | જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તારીખ | ૦૪-૦૨-૨૦૧૩ |
| ૮ | મતગણતરીની તારીખ | ૦૫-૦૨-૨૦૧૩ |

ગાંધીનગર
તા.૧૧-૧-૨૦૧૩

( પી. એસ. શાહ )
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

નોંધ : ગ્રામ પંચાયતોના વિભાજન / એકત્રીકરણને કારણે વધઘટની શકયતા રહે છે.

જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/સા.ચૂંટણી/ ૧૧૨૬ - ૭૫ /૨૦૧૩
નવસારી,
તા.~~૩૧/૦૧~~/૨૦૧૩
૦૧/૦૨

કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**નકલ સવિનય રવાનાઃ–**

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.